## અપંગોને ઓળખપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૮૪/૧૬૩૧(૮૬)/છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૬-૬-૧૯૮૬

વંચાણે લીધા :-(૧) ભારત સરકારના સમાજ કલ્યાણ મંત્રાલયનો પત્ર ક્રમાંક:-૯/૧૫/૮૧/એચડબલ્યુ.તા. ૧૩-૧૧-૮૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદનો પત્ર ક્રમાંક:-યજન/નવીબાબત-૮૬-૮૭/૮૫-૮૬/૧૭૧. તા. ૨૪-૧૨-૮૫.

ઠ રા વ :-

અપંગ વ્યક્તિઓને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તરફથી રાજ્ય માર્ગવાહન વ્યવહારની બસોમાં મુસાફરી, કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ, અપંગ વ્યક્તિઓ તેમની ફરજો સરળતાથી બજાવી શકે તે માટે કૃત્રિમ અવયવો/સાધનો માટે નાણાંકીય સહાય, સરકારી નોકરીઓમાં અનામત જગાઓ, વાહન ભથ્થુ, પેટ્રોલ/ડીઝલની ખરીદી માટે સહાય વિગેરે જેવી વિવિધ રાહતો (કન્સેશન) તથા સગવડો આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળતી આવી વિવિધ સવલતો/રાહતો (કન્સેશન) વિગેરે મેળવવા માટે અપંગ વ્યક્તિઓએ 'અપંગ' હોવા અંગેનું દાક્તરી પ્રમાણપત્ર તથા અન્ય પૂરાવાઓ સંબંધિત સત્તાધિકારી સમક્ષ જરૂર પડયે અવારનવાર રજુ કરવા પડે છે. પરિણામે અપંગ વ્યક્તિઓને ઘણી મુશ્કેલીઓ તેમજ અગવડતાઓ વેઠવી પડે છે.

૨/- ભારત સરકારે અપંગ વ્યક્તિઓને કાયમી ઓળખપત્રો આપવા માટે સૂચન કરેલ છે. આથી આ બાબત કાળજીપૂર્વકની વિચારણાને અંતે

....૨.....

ચાલુ નાણાંકીય વર્ષ ૧૯૮૬-૮૭માં આ સાથે સામેલ રાખેલ નિયત નમૂના પ્રમાણેના ૫૦,૦૦૦/-(પચાસ હજાર)ની સંખ્યામાં ઓળખપત્રો છપાવવા માટે ઓળખપત્ર દીઠ રૂ. ૨/-(અંકે રૂપિયા બે) પ્રમાણે રૂ. ૧.૦૦લાખ (અંકે રૂપિયા એક લાખ)ના ખર્ચ માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૩/- આ નિયત નમૂના પ્રમાણેના ઓળખપત્રો અપંગ વ્યક્તિઓને કાઢી આપવા માટે અપનાવવાની પધ્ધતિ(ગાઇડલાઇન્સ) હવે પછી નક્કી કરવામાં આવશે.

૪/- આ ઓળખપત્રો સરકારી પ્રેસ મારફતે છપાવવા નિયામકશ્રી સમાજ સુરક્ષાએ જરુરી કાર્યવાહી કરવાની રહેશે. ઓળખપત્રમાં જે તે અપંગ વ્યક્તિને જુદી જુદી યોજના અંગે મળતી સવલતોની વિગતો પણ તેમાં નોંધી શકાય તે માટે વધારાના બે કોરા પાના રાખવાના રહેશે.

૫/- આ ઓળખપત્રો છપાવવા અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષ ૧૯૮૬-૮૭ના અંદાજપત્ર સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-એસસીડબલ્યુ-૨૨.બે-શારીરિક ખોડવાળાને ઓળખપત્રો આપવા'' હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે. અને બજેટ સદર ''૨૫૮-પ્રીન્ટીંગ અને સ્ટેશનરી'' ખાતે ઉધારવાનો રહેશે.

૬/- ઓળખપત્ર કાઢી આપવા માટે રૂ. ૧૦/-(અંકે રૂપિયા દસ પુરા)ની ફી લેવાની રહેશે. આ ઓળખપત્રો અંગેની ફી અંદાજપત્રના સદર ''બી નોનટેક્ષ રેવન્યુ સી-અધર નોનટેક્ષ રેવન્યુ-II પોસ્ટલ એન્ડ કોમ્યુનીટી સર્વીસીઝ ૦૮૮-સોશીયલ સીક્યોરીટી એન્ડ વેલ્ફેર રીસીપ્ટ ઓફ કરેક્શનલ સર્વીસીઝ'' હેઠળ જમા કરાવવાની રહેશે.

......3.....

૭/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પરની નાણાંસલાહકારશ્રીની તા. ૧૦-૪-'૮૬ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ. પી. મહેતા
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

બિડાણઃ- નિયત ઓળખપત્રનો નમૂનો

પ્રતિ,

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.
(૨) મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૩) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
(૪) સચિવાલયના સર્વે વિભાગો.
(૫) સર્વે સમાજ સુરક્ષા અધિકારી કમ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીઓ.
(૬) માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) આ વિભાગની સર્વે શાખાઓ.
(૮) નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર, આ યોજનાને બહોળી પ્રસિદ્ધિ આપવાની વિનંતી સાથે.
(૧૦) બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ.
(૧૧) પસંદગી ફાઈલ.



પટેલ//૧૨૬૮૬/

113

(4)

IDENTITY CARD

FOR

THE

DISABLED

PERSONS

Page '2'

PHOTOGRAPH

(Attested by the
issuing authority).